# અખબારી યાદી.

માલ વાહક વાહનોમાં લઈ જવાતાં ઓવરલોડ માલને કારણે રાજયનાં રસ્તાઓને ખુબજ નુકશાન થાય છે, અને માર્ગ સલામતીને પણ ગંભીર જોખમ ઉભુ થાય છે. નામ. સુપ્રિમકોર્ટે મોટર વ્હીકલ્સ એકટ,૧૯૮૮ ની જોગવાઈઓનું ચુસ્તપાલન કરી ઓવરલોડ અટકાવવા આદેશ આપેલ છે. ઓવરલોડ અટકાવવા રાજય સરકારે ઘણાં પગલાં લીધા છે. જેના કારણો ઓવરલોડનાં ગુન્હામાં નોંધપાત્ર ઘટાડો થયેલ છે. ઓવરલોડનાં ગુન્હાઓ પર વધુને વધુ નિયંત્રણ થાય અને ગુજરાત રાજય "ઝીરો ઓવરલોડ" રાજય બને તે માટે રાજય સરકારે કાયદાની જોગવાઈનુસાર ખુબજ મોટા પાયા પર સખ્ત પગલાં લેવાનુ આયોજન કરેલ છે. આ કાર્યવાહી પોલીસ, એસઆરપી તથા અન્ય સરકારી વિભાગોનાં સંકલનમાં રહી કરવામાં આવશે. આ ઝુંબેશ દરમ્યાન ઓવરલોડ માલ ભરી વાહન હંકારનાર ડ્રાઈવર તથા આવા વાહનનાં માલીક સામે તથા ઓવરલોડ માલ ભરવા માટે કારણભુત થનાર વ્યકિત/પેઢી/કંપની સામે ફોજદારી ફરિયાદ, દંડની વસુલાત, માલ ખાલી કરાવવો તેમજ કાયદાનુસારના સખત પગલાંઓ લેવામાં આવશે. આથી, રોડને બચાવવા તથા પર થતી જીવલેણ દુર્ઘટના અટકાવવા ઓવરલોડ માલ ભરવાનું બંધ કરવા આથી રોડ અનુરોધ કરવામાં આવે છે.

Vibrant GUJARAT 2015 11-13 Jan.
The Global Business Hub | 7th Global Summit

ક્રમાંક/ડીએ/હેડલાઇટ/પીળોપટ્ટો/જીએમવીઆર(૨૦૨/(૨) ૧૦૨૬
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૬
બીજે માળ, સચિવાલય, ગાંધીનગર.
તા. -૨-૨૦૧૫.
1 FEB 2015.

**તાત્કાલીક/અગત્યનું.**

પ્રતિ,
સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી,
સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી,

--------------------.

વિષયઃ-ટ્રાન્સપોર્ટ વાહનોની હેડલાઇટને પીળોપટ્ટો કરવાની જોગવાઇ રદ્ કરવા બાબત.
સંદર્ભઃ- (૧) અત્રેની કચેરીના નોટીફીકેશન નં.આરએન્ડડી-જીએમવીઆર-૨૦૨(૨), તા.૧૩-૧૨-૯૬.
(૨) અત્રેની કચેરીના પત્ર નં.ડીએ-હેડલાઇટ-પીળોપટ્ટો-ચેકીંગ-૧૨૨૮૨, તા.૧૭-૧૨-૯૬.
(૩) અત્રેની કચેરીના નોટીફીકેશન નં.એમવીપી-જીએમવીઆર-૨૦૨(૨) ૪૮૦,તા.૨૧-૧-૧૫.

શ્રીમાન,

ઉપરોકત વિષય તથા સંદર્ભ-૧ નાં જાહેરનામાથી ટુ વ્હીલર અને થ્રી વ્હીલર વાહનો સિવાયનાં વાહનોનાં હેડલાઇટ પર પીળોપટ્ટો તેમજ કાળા ટપકા લગાવવાની જોગવાઇ કરવામાં આવેલ હતી. જે અન્વયે અત્રેની કચેરીએથી સંદર્ભ-૨ થી રાજયની તમામ આરટીઓ/એઆરટીઓ કચેરીને આ જોગવાઇનો અમલ કરવા બાબતે સૂચના આપવામાં આવેલ હતી. કેન્દ્રીય મોટર વાહન નિયમો,૧૯૮૯ માં થયેલા અદ્યતન સુધારા, કેન્દ્ર સરકારશ્રીનો અભિપ્રાય, પોલીસ ખાતાનો અભિપ્રાય તથા આધુનિક ટેકનોલોજીની પરિસ્થિતિ લક્ષમાં લઇ કાળજી પૂર્વકની વિચારણાના અંતે આ જોગવાઇઓ સંદર્ભ-૩ નાં જાહેરનામા તા.૨૧-૧-૧૫ થી રદ્ કરવામાં આવે છે. (નકલ સામેલ છે)

ઉકત જાહેરનામાનો તાત્કાલીક અસરથી અમલ કરવાનો રહેશે. આથી ટ્રાન્સપોર્ટ વાહનની હેડલાઇટ પર પીળો પટ્ટો અને કાળા ટપકા બાબતે ગુન્હો નોંધવાનો રહેશે નહીં.

નોંધ પર માન.કમિશ્નરશ્રીની મંજુરી મુજબ.

ખાસ ફરજ પરના અધિકારી
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ગુજરાત રાજય,ગાંધીનગર.

નકલ રવાનાઃ- પ્રતિ,
(૧) અધિક પોલીસ મહાનિર્દેશક, (કાયદો અને વ્યવસ્થા) પોલીસ ભવન, ગાંધીનગરને જાણ સારુ.
(૨) નાયબ સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, ૨, સરદાર પટેલ ભવન, ૯ મો માળ, સચિવાલય, ગાંધીનગરને જાણ સારુ.
(૩) અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન, ૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે, શાહીબાગ, અમદાવાદને જાણ તેમજ તેઓના સભ્યોને આ જાહેરનામાથી વાકેફ કરવા સારુ.

:પુરબિયાઃ૪૯ઃ૨૮૫ઃ

Akhil Gujarat Truck Transport Association
D 16-2-15

Extra No. 23

વાર્ષિક લવાજમનો દર રૂા.૩૫૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVI ] THURSDAY, JANUARY 22, 2015/MAGHA 2, 1936

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-B

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts**

**COMMISSIONER OF TRANSPORT**

Gujarat State

**Notification**

Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, 21st January, 2015

**GUJARAT MOTOR VEHICLES RULES, 1989.**

No. MVP / GMVR-202 (2) / 480 : In exercise of the powers conferred by sub-section (2) of rule 202 of the Gujarat Motor Vehicles Rules, 1989, the Commissioner of Transport, Gujarat State hereby rescinds the Director of Transport, Gujarat State notification No. R&D/GMVR-202 (2) dated 13th December, 1996.

This order shall come into force from the date of the publication of this notification in the Gujarat Government Gazette.

- Sd -

**KAMAL DAYANI**

Commissioner of Transport,
Gujarat State, Gandhinagar.

**કમિશ્નર ઓફ ટ્રાન્સપોર્ટ,**

**ગુજરાત રાજ્ય,**

ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. ૨૧-૧-૨૦૧૫

**ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯.**

નં.એમવીપી-જીએમવીઆર-૨૦૨(૨)-૪૮૦ - ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯નાં નિયમ-૨૦૨નાં પેટા નિયમ (૨) થી મળેલ સત્તાની રૂઈએ વાહન વ્યવહાર કમિશ્નર ગુજરાત રાજ્ય ડાયરેકટર ઓફ ટ્રાન્સપોર્ટ, ગુજરાત રાજ્યનાં નોટીફીકેશન નં. આરએન્ડડી-જીએમવીઆર-૨૦૨(૨) તા. ૧૩-૧૨-૧૯૯૬ આથી રદ્દ કરેલ છે.

આ હુકમ ગુજરાત રાજ્યના રાજ્ય પત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી અમલમાં આવશે.

**કમલ દયાની,**

કમિશ્નર ઓફ ટ્રાન્સપોર્ટ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

અગત્યનું.
અંગતલક્ષ
ટોચ અગ્રતા

ક્રમાંક/ડીએ/ગુડઝ વાહન/ઓવરલોડ/
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ડૉ.જીવરાજ મહેતા ભવન,બ્લોક નં.૬,
બીજે માળ, ગાંધીનગર. તા. 4 FEB 2015

પ્ર તિ,
પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી,
પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી,
ચેકપોસ્ટ ઇન્ચાર્જશ્રીઓ, તમામ.

**વિષયઃ-ગુડઝ વાહનોમાં ઓવરલોડ માલ ભરવાના ગુના સામે પગલાં.**

ઉપરોકત વિષય પરત્વે સૂચના આપવાની કે, ગુડઝ વ્હીકલમાં લઇ જવાતા ઓવરલોડ માલને કારણે રાજયનાં રસ્તાઓને ખુબ નુકશાન થાય છે અને માર્ગ સલામતીને પણ ગંભીર જોખમ ઉભુ થાય છે. નામ. સુપ્રિમ કોર્ટે મોટર વ્હીકલ્સ એકટ,૧૯૮૮ ની જોગવાઇઓનું ચુસ્ત પાલન કરી ઓવરલોડ અટકાવવા આદેશ આપેલ છે. ઓવરલોડ અટકાવવા રાજય સરકારે ઘણા પગલાં લીધા છે. આ પગલાંઓને કારણે ઓવરલોડના ગુનામાં નોંધપાત્ર ઘટાડો થયેલ છે. તેમ છતાં આ ગુન્હાઓને વધુને વધુ નિયંત્રણમાં લાવવાની જરુરીયાત લક્ષમાં લઇને નીચે પ્રમાણે સૂચના આપવામાં આવે છે.

૧. ઓવરલોડના ગુન્હાઓને વધુને વધુ નિયંત્રણમાં રાખવા માટે સમગ્ર રાજયમાં એકસુત્રતાથી પગલાં લેવાય તે હેતુથી ઓવરલોડની માત્રા અન્વયે પગલાં લેવા નીચે પ્રમાણે સૂચના આપવામાં આવે છે.

| ક્રમ | ઓવરલોડની માત્રા | પગલાં | કલમ |
|---|---|---|---|
| ૧ | ગુડઝ વાહનના જીવીડબલ્યુ ના ૨૫ ટકા સુધી ઓવરલોડ હોય તો | (૧)<br>કલમ-૧૧૪ મુજબ જીવીડબલ્યુની મર્યાદા કરતાં વધારાનો માલ ઓફલોડ કરવો. પરમીટ પર ઓવરલોડ અંગે શેરો મારી પરમીટ આપનાર ઓથોરીટીને મોકલવું. | (૧)<br>કલમ-૧૧૩, ૧૧૪ |
| | | (૨)<br>કલમ-૧૯૪ હેઠળ ના પ્રોસીકયુશનની અવેજીમાં ડ્રાઈવર-માલીકની સંમતીથી માંડવાળ ફી લેવી. | (૨)<br>કલમ-૧૯૪ તથા કલમ-૨૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૨ | ગુડઝ વાહનના જીવીડબલ્યુના ૨૫ ટકા થી વધારે ઓવરલોડ હોય તો | (૧)<br>કલમ-૧૧૪ મુજબ જીવીડબલ્યુની મર્યાદા કરતાં વધારાનો માલ ઓફલોડ કરવો. પરમીટ પર ઓવરલોડ અંગે શેરો મારી પરમીટ આપનાર ઓથોરીટીને મોકલવું. | (૧)<br>કલમ-૧૧૩, ૧૧૪ |
| | | (૨)<br>કલમ-૧૯૪ હેઠળ.ના પ્રોસીકયુશનની અવેજીમાં ડ્રાઈવર-માલીકની સંમતીથી માંડવાળ ફી લેવી. | (૨)<br>કલમ-૧૯૪ તથા કલમ-૨૦૦ |
| | | (૩)<br>ડ્રાઇવરનું લાયસન્સ એક માસ સુધી સસ્પેન્ડ કરવું. | (૩) કલમ-૧૯ તથા સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રુલ્સ,૧૯૮૯ ના નિયમ-૨૧ (એફ) |
| | | (૪)<br>કલમ-૫૩ હેઠળ એક માસ સુધી રજીસ્ટ્રેશન સસ્પેન્ડ કરવું. | (૪)<br>કલમ-૫૩ |
| 3 | ગુન્હાનું પુનરાવર્તન થયેલ હોય તો | (૧)<br>કલમ-૧૧૪ મુજબ જીવીડબલ્યુની મર્યાદા કરતાં વધારાનો માલ ઓફલોડ કરવો. પરમીટ પર ઓવરલોડ અંગે શેરો મારી પરમીટ આપનાર ઓથોરીટીને મોકલવું. | (૧)<br>કલમ-૧૧૩, ૧૧૪ |
| | | (૨)<br>કલમ-૧૯૪ હેઠળ ના પ્રોસીકયુશનની અવેજીમાં ડ્રાઈવર-માલીકની સંમતીથી માંડવાળ ફી લેવી. | (૨)<br>કલમ-૧૯૪ તથા કલમ-૨૦૦ |
| | | (૩)<br>ડ્રાઇવરનું લાયસન્સ ત્રણ માસ સુધી સસ્પેન્ડ કરવું. | (૩)<br>કલમ-૧૯ તથા સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રુલ્સ,૧૯૮૯ ના નિયમ-૨૧ (એફ) |
| | | (૪)<br>કલમ-૫૩ હેઠળ ત્રણ માસ સુધી રજીસ્ટ્રેશન સસ્પેન્ડ કરવું. | (૪)<br>કલમ-૫૩ |

| | | | |
|---|---|---|---|
| ૪ | ગુડઝ વાહનના જીવીડબલ્યુના ૫૦ ટકા થી વધારે ઓવરલોડ હોય તો | (૧)<br>કલમ-૧૧૪ મુજબ જીવીડબલ્યુની મર્યાદા કરતાં વધારાનો માલ ઓફલોડ કરવો. પરમીટ પર ઓવરલોડ અંગે શેરો મારી પરમીટ આપનાર ઓથોરીટીને મોકલવું. | (૧) કલમ-૧૧૩, ૧૧૪ |
| | | (૨)<br>કલમ-૧૯૪ હેઠળ ના પ્રોસીકયુશનની અવેજીમાં ડ્રાઈવર-માલીકની સંમતીથી માંડવાળ ફી લેવી. | (૨)<br>કલમ-૧૯૪ તથા કલમ-૨૦૦ |
| | | (૩)<br>ડ્રાઇવરનું લાયસન્સ ત્રણ માસ સુધી સસ્પેન્ડ કરવું. | (૩)<br>કલમ-૧૯ તથા સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રુલ્સ,૧૯૮૯ ના નિયમ-૨૧ (એફ) |
| | | (૪)<br>ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટીઝ એક્ટ હેઠળ ફોજદારી ફરીયાદ કરવું. | (૪)<br>ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટીઝ એક્ટની કલમ-૩ હેઠળ ફોજદારી ફરીયાદ કરવી. |

૨. ઉપરોકત સૂચનાઓને સરળતાથી સમજવા માટે ના ઉદાહરણો.

(એ) એક ગુડઝ વાહનમાં જીવીડબલ્યુ ૧૬૨૦૦ કી.ગ્રા. છે તેમાં કુલ ૩ ટન ઓવરલોડ છે તો શું કાર્યવાહી કરવી ?

જવાબ :- જીવીડબલ્યુ =૧૬૨૦૦ કિ.ગ્રા.

જીવીડબલ્યુ ના ૨૫% =૪૦૫૦ કિ.ગ્રા.

આ કિસ્સામાં જીવીડબલ્યુના ૨૫% થી ઓછો ઓવરલોડ છે તેથી ઉપરોકત કોષ્ટકના ક્રમ નં.૧ પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે.

(બી) માલ વાહક વાહનનું જીવીડબલ્યુ ૨૫ (૨૫૦૦૦ કી.ગ્રા.) ટન છે. તેમાં ૧૦ ટન ઓવરલોડ માલ ભરેલ છે તો શું કાર્યવાહી કરવી ?

જવાબ :- જીવીડબલ્યુ =૨૫૦૦૦ કિ.ગ્રા.

જીવીડબલ્યુ ના ૨૫% =૬૨૫૦ કિ.ગ્રા.

આ કિસ્સામાં ૧૦ ટન ઓવરલોડ છે. અર્થાત જીવીડબલ્યુના ૨૫% થી વધારે છે. તેથ ઉપરોકત કોષ્ટક ના ક્રમ નં.૨ પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે.

**(સી) ઉપરોકત એ તથા બી ના કિસ્સામાં ફરીવાર ઓવરલોડનો ગુન્હો પકડાય છે તો શું કાર્યવાહ કરવી.**

જવાબ:-પ્રથમ વખત ઓવરલોડનો ગુન્હો પકડાયેલ હોય તો તેના જીવીડબલ્યુ ના ૨૫ ટકા ની મર્યાદા તપાસી ઉપરોકત સુચવ્યા પ્રમાણે કાર્યવાહી કરવી પરંતુ જો બીજી વખત ઓવરલોડનો ગુન્હો પકડાય કે વધુ વખત પકડાય તો એટલે કે પુનરાવર્તન થાય તો ઉપરોકત કોષ્ટકમાં જણાવેલ ક્રમ નં.૩ પ્રમાણે પગલાં લેવા.

**(ડી) માલ વાહક વાહનનું જીવીડબલ્યુ ૨૫ (૨૫૦૦૦ કી.ગ્રા.) ટન છે. તેમાં ૧૩ ટન ઓવરલોડ માલ ભરેલ છે તો શું કાર્યવાહી કરવી ?**

જવાબ:-જીવીડબલ્યુ =૨૫૦૦૦ કિ.ગ્રા.

જીવીડબલ્યુ ના ૫૦% =૧૨૫૦૦ કિ.ગ્રા.

આ કિસ્સામાં ૧૩ ટન ઓવરલોડ છે. અર્થાત જીવીડબલ્યુના ૫૦% થી વધારે છે. તેથી ઉપરોક્ત કોષ્ટક ના ક્રમ નં.૪ પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે.

(3) <u>માંડવાળ ફીના દર.</u>

| ક્રમ | ગુન્હાના ભંગ બદલની કલમ | પ્રોસીકયુશન તથા માંડવાળ માટેની કલમ | ઓવરલોડની માત્રા | માંડવાળ ફીના તા.૨૧-૧૧-૨૦૧ અમલી દર |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૧૧૩(૩)(બી) | ૧૯૪(૧) અને કલમ-૨૦૦ | ૨૦૦૦ કી.ગ્રા. સુધીનો ઓવરલોડ માલ ભરેલ હોય તો માલીક કે ડ્રાઇવર ના કીસ્સામાં, તેનાં દરેક ૫૦૦ કી.ગ્રા.કે તેનાં ભાગ માટે. | રૂ.૩૦૦/- |
| ૨ | ૧૧૩(૩)(બી) | ૧૯૪(૧) અને કલમ-૨૦૦ | જો ઓવરલોડ ૨૦૦૦ કી.ગ્રા.થી વધારે હોય તો તેના દરેક ૫૦૦ કી.ગ્રા. કે તેના ભાગ માટે. | રૂ.૫૦૦/- |
| ૩ | ૧૧૪ | ૧૯૪(૨) અને કલમ-૨૦૦ | વાહન થોભાવવાની તથા વજનકાંટા સુધી લઇ જવા ના પાડવી | રૂ.૧૦૦૦/- |
| ૪ | ૧૧૪ | ૧૯૪(૨) અને કલમ-૨૦૦ | વજનકાંટા પર જતા પહેલાં દંડનીય કાર્યવાહીથી બચવા ઓવરલોડ માલ દુર કરવો/ઉતારવો | રૂ. ૧૦૦૦/- |

૪. <u>રજીસ્ટ્રેશન સસ્પેન્ડ કરવામાં આવે ત્યારે રાખવાની થતી કાળજી.</u>

(એ) વાહન માલીકને સાંભળવાની પુરતી, ન્યાયી, વ્યાજબી તક આપવી.

(બી) ઓવરલોડ માલ છે કે કેમ તે અંગે કાંટા ચીઠ્ઠી, બીલ્ટી, ખનીજના કિસ્સામાં રોયલ્ટી પાસ, વાહનની આર.સી.બુકનું કાળજી પુર્વક અવલોકન કરી નિર્ણય પર આવવું. ઓવરલોડ માલની ગણતરી વ્યવસ્થિત રીતે કરવી અને વાહન માલીકને જાણ કરવી.

(સી) સ્પીકીંગ હુકમ કરવો. જેમાં પુરતાં કારણો દર્શાવવા. ખાનાપુર્તી કરવી નહીં.

(ડી) રજીસ્ટ્રેશન સસ્પેન્શન થાય ત્યારે નિયમ પ્રમાણે કાર્યવાહી કરવી. વાહનનો કબજો માલીકને આપી દેવો. વાહન માલીકે લેખીતમાં પોતાનું વાહન કયાં રાખવા માંગે છે તેની જાણ કરવી. વાહન માલીક આ સમય દરમ્યાન વાહનને ગુજરાત રાજયમાં કોઇપણ સ્થળે રાખી શકશે.

(ઇ) રજીસ્ટ્રેશન સસ્પેન્શન દરમ્યાન વાહન ચલાવી શકાશે નહીં તેની સ્પષ્ટ સૂચના વાહન માલીકને લેખીતમાં આપવી.

(એફ) જો રજીસ્ટ્રેશન સસ્પેન્શન દરમ્યાન વાહન રાખી મુકવાનું સ્થળ રજીસ્ટ્રેશન સસ્પેન્શનનો હુકમ કરનાર ઓથોરીટી કરતાં અન્ય ઓથોરીટીમાં હોય તો વાહન માલીકે તેની જાણ જે તે ઓથોરીટીને કરવાની રહેશે.

(જી) રજીસ્ટ્રીંગ ઓથોરીટીએ વખતો વખત સમયાંતરે સસ્પેન્શનના સ્થળે આકસ્મીક ચકાસણી કરવી/ કરાવવી.

(એચ) વાહનનો કબજો આપવામાં આવે ત્યારે વાહનનાં અસલ દસ્તાવેજો કચેરીમાં જમા રાખવા તથા તેની પહોંચ વાહન માલીકને આપવી.

(આઇ) રજી.સસ્પેન્શનના હુકમમાં અવશ્ય જણાવવું કે આ હુકમ થી અસંતોષ હોય તો વાહન માલિક વાહન વ્યવહાર કમિશ્નરશ્રી ને અપીલ કરી શકે છે.

૫. <u>પ્રીવેન્શન ઓફ ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટીઝ એકટ હેઠળ ફરીયાદ કરવામાં લેવાની થતી કાળજી</u>

(એ) ફરીયાદ લેખિત સ્વરૂપમાં કરવી.

(બી) ફરીયાદ શાખા, વાહનની આર.સી.બુક, વાહનના પરમીટ ને લગતા દસ્તાવેજો , બિલ્ટીની ખરી નકલ અવશ્ય રજુ કરવી.

(સી) વાહનના વજન કરાવ્યા અંગેનું વજનકાંટાની પાવતી અવશ્ય રજુ કરવી.

(ડી) આ કામગીરી વખતે જે તે વિસ્તારમાં હુકમત ધરાવતા નામદાર જયુડીશયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટના આસી. પબ્લીક પ્રોસીકયુટરશ્રી ની સહાય લેવી.

૬. <u>એક ટન ઓવરલોડની છૂટ બંધ કરવા બાબત.</u>

નીચેના પરિપત્રોથી એક ટન ઓવરલોડ લઇ જવાની છૂટ આપેલ હતી.

(૧) ક્રમાંકઃ- ડીએ/ઓવરલોડ/ચેકીંગ/૩૪૯૦ તા. ૮.૫.૧૯૯૫.

(૨) ક્રમાંકઃ- ડીએ/ઓવરલોડ/ચેકીંગ/૯૧૧૨ તા. ૧૮.૯.૧૯૯૬

(૩) ક્રમાંકઃ- આરએન્ડડી/ટ્રાન્સપોર્ટ/ઉધોગ/પ્રશ્નો ; તા. ૨.૮.૨૦૦૦

(૪) ક્રમાંકઃ- ડીએ/ઓરવલોડ/૬૧૯૦ તા. ૧૨.૯.૨૦૧૧

**આ છૂટ હવે રદ કરવામાં આવે છે.** મોટર વ્હીકલ એક્ટ, ૧૯૮૮ ની કલમ ૧૧૩ (૩)(બી) મુજબ વાહનના ગ્રોસ વ્હીકલ વેઇટની મર્યાદાથી વધારે ભરેલા ઓવરલોડ માલ બાબતે આ પરિપત્રમાં જણાવ્યા મુજબના પગલાં લેવા આથી સૂચના આપવામાં આવે છે.

૬. <u>સામાન્ય સૂચનાઓ.</u>

(એ) ઓવરલોડ ચેકીંગ કરવા માટેના પગલાં ચેકપોસ્ટ પર નિયમીત રીતે કરવા અને આરટીઓ/એઆરટીઓ કચેરીમાં દરરોજ ઓછામાં ઓછું ત્રણ કલાક અને શનિવારે પાંચ કલાક ઓવરલોડ સંબંધેનું ચેકીંગ કરવું.

(બી) આ સમગ્ર ઝુંબેશ અંગે તેમજ માર્ગ સલામતી અંગે અખબારી યાદીઓ, હોડીગ્સ, દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમો ધ્વારા જાહેર જનતાને જાગૃત કરવી. (માર્ગ સલામતી અંગેના જાહેર ખબરના નમૂના બીડાણે સામેલ છે.)

(સી) આ સમગ્ર કાર્યવાહી નો અહેવાલ આ સાથેના પત્રકમાં દર અઠવાડિયે અત્રેની કચેરીએ મોકલવો.

આ સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવો.

---

નોંધ પર કમિશ્નરશ્રીની મંજુરી મુજબ.

ખાસ ફરજ પરના અધિકારી
વાહન વ્યવહારકમિશ્નરની કચેરી
ગુજરાત રાજ્ય,ગાંધીનગર.

Akhil Gujarat Truck Transport Association

R. 11-2-15

રોડને બચાવવા તથા રોડ પરની દુર્ઘટના રોકવા

## !! ઓવરલોડ માલ ભરવાનું બંધ કરો !!

---

ઓવરલોડ માલ ભરનાર સામે સઘન ચેકીંગ ઝુંબેશ શરુ થનાર છે.

- ઓવરલોડ માલ ભરી વાહન હંકારનાર ડ્રાઈવર તેમજ ઓવરલોડ વાહનના માલિક તથા ઓવરલોડ માલ ભરવા માટે કારણભુત બનનાર વ્યકિત/પેઢી/કંપની સામે ભારે દંડ, ફોજદારી ફરીયાદનાં પગલા લેવાશે.
- વજન સ્થળ પર ખાલી કરાશે,
- અન્ય સખ્ત પગલાં લેવાશે.

" આપણો નિર્ધાર, ઝીરો ઓવરલોડ રાજય "

---

વાહન વ્યવહાર કમિશ્નર કચેરી
ગુજરાત રાજય,ગાંધીનગર.